બિડાણ :- ઉપસચિવશ્રી (કૃષિ યુનિ.) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરના તા. ૨૯ .૫.૨૦૧૮ ના ઠરાવક્રમાંક ગકવ/૧૦૨૦૦૨ /**SCA-15**/ક.૨

વિષય:- ગુજરાતની ચારેય કૃષિ યુનિવર્સિટીઓ તથા કામધેનુ યુનિવર્સિટીમાં પશુચિકિત્સાની ડીગ્રી (વેટરનરી સાયન્સની ડીગ્રી) ધરાવતા શિક્ષકો/વૈજ્ઞાનિકો/ડોકટરો અને અન્ય અધિકારીઓને નોન પ્રેકટીસ એલાઉન્સ (NPPA) મંજુર કરવા બાબત.

---

જા.નં. નકૃયુ/રજી./એડીએમ. ૧.૧ /**૫૧૪૬-૯૫**/૨૦૧૮ તા.૧૧.૬.૨૦૧૮

**નકલ સવિનય રવાના...**

(૧) સંશોધન નિયામકશ્રી અને અનુસ્નતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી
(૨) તમામ ડીનશ્રી/આચાર્યશ્રીઓ કૃષિ /વેટરનરી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી
(૩) તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ
(૪) હિસાબ નિયામકશ્રી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી
(૫) વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી
(૬) વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી
(૭) હિસાબી અધિકારી (કેશ/પીએફ/પેન્શન) નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી

૨/- આ સાથે સામેલ ઉપસચિવશ્રી (કૃષિ યુનિ.) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ સચિવાલય ગાંધીનગરના તા.૨૯.૫.૨૦૧૮ ઠરાવ **આપશ્રીના તાબા હેઠળના શિક્ષકો/વૈજ્ઞાનિકો/ડોકટરો અને અન્ય અધિકારીઓને** ઠરાવ ધ્યાને લાવવા તથા અમલવારી કરવા આથી જણાવામાં આવે છે.

**નકલ રવાના:-**

(૧) અત્રેની કચેરીની એડીએમ.૧/એડીએમ.૨/એડીએમ.૩ /લીગલશાખા તરફ

સામેલ : ઉપર મુજબ

**કુલસચિવ**
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી-૩૯૬૪૫૦

*D:\BDGohil.711\endosment.doc*

ગુજરાતની ચારેય કૃષિ યુનિવર્સિટીઓ તથા કામધેનુ યુનિવર્સિટીમાં પશુચિકિત્સાની ડીગ્રી (વેટરનરી સાયન્સની ડીગ્રી) ધરાવતા શિક્ષકો/વૈજ્ઞાનિકો/ડોકટરો અને અન્ય અધિકારીઓને નોન પ્રેક્ટીસ એલાઉન્સ (NPPA) મંજુર કરવા બાબત.

**ગુજરાત સરકાર,**
**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,**
ઠરાવ ક્રમાંક:ગકવ/૧૦૨૦૦૨/**SCA-15**/ક.૨
સચિવાલય, ગાંધીનગર.
**તા. ૨૯.૦૫.૨૦૧૮**

**આમુખઃ**

ગુજરાત હાઈકોર્ટના સીવીલ એપ્લીકેશન No. SCA 3995/2002, 9289/2002 અને 6496/ 2002થી કૃષિ યુનિવર્સિટીઓના શિક્ષકો/વૈજ્ઞાનિકો/ડૉકટરો અને અન્ય અધિકારીઓ જેઓ ઈન્ડીયન વેટરનરી કાઉન્સિલ એકટ ૧૯૮૪/ ગુજરાત વેટરનરી પ્રેક્ટીસ એકટ, ૧૯૬૯ અન્વયે નિયત કરેલ આવશ્યક લાયકાત ધરાવતા હોય (ઓછામાં ઓછા વેટરનરી સાયન્સ ગ્રેજયુએટ (B.V.Sc. & A.H.) ની માન્ય ડીગ્રી ધરાવતા) તેઓને ખાનગી વ્યવસાય બંધી ભથ્થુ (નોન પ્રાઈવેટ પ્રેકટીસ એલાઉન્સ) મંજુર કરવા દાદ માંગેલ હતી. ઉકત બાબતે નામ.હાઈકોર્ટ તા.૧૬/03/૨૦૧૭ના કોમન ઓરલ ઓર્ડર મુજબ કમિટીની રચના કરી NPPA આપવા બાબતે વિચારણા કરવા હુકમ કરેલ હતો અને ગુજરાત હાઈકોર્ટના કોમન ઓરલ ઓર્ડર મુજબ મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષસ્થાને કમિટીની રચના કરેલ હતી, સદર કમિટીની બેઠક તા.૨૮/૦૮/૨૦૧૭માં મળેલ હતી. અને તેમાં ચર્ચા/વિચારણા બાદ નાણાં વિભાગના ઠરાવ. ક્રમાંક:પીજીઆર/૧૦૦૯/પે-સેલ(એમ),તા.૩/૧૦/૨૦૧૨ અનુસાર Veterinary Officers of Gujarat Animal Service under Animal Husbandry Department જે ધારાધોરણો પ્રમાણે નોન પ્રાઈવેટ પ્રેકટીસ એલાઉન્સ આપવા મંજૂર કરેલ છે, તે મુજબ ગુજરાત રાજયની ચારેય આણંદ,નવસારી,જૂનાગઢ,સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીઓ તથા કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના શિક્ષકો/વૈજ્ઞાનિકો/ડૉકટરો અને અન્ય અધિકારીઓ જેઓ ઈન્ડીયન વેટરનરી કાઉન્સિલ એકટ ૧૯૮૪/ ગુજરાત વેટરનરી પ્રેકટીસ એકટ,૧૯૬૯ અન્વયે B.V.Sc. & A.H.ની માન્ય ડીગ્રી ધરાવતા હોય તેઓને NPPA આપવાની ભલામણ કરેલ હતી, જે તા.૮/૯/૨૦૧૭ ના રોજ નામ. હાઇકોર્ટમાં રજુ કરતાં નામ. હાઇકોર્ટ દ્વારા નીચેની મુજબ કોમન ઓરલ ઓર્ડર તા.૮/૯/૨૦૧૭ ના રોજ કરેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

3534
31 MAY 2018

All
30/5

ઠરાવઃ-

(૧) આ વિભાગનો સરખા ક્રમાંકનો તા:-૦૮.૦૩.૨૦૧૮ નો ઠરાવ આથી રદ કરવામાં આવે છે.

(૨) નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક:પીજીઆર/૧૦૦૯/પે-સેલ(એમ), તારીખ: ૩/૧૦/૨૦૧૨થી Veterinary Officers of Gujarat Animal Husbandry Service under Animal Husbandry Department જે ધારાધોરણો પ્રમાણે નોન પ્રાઈવેટ પ્રેક્ટીસ એલાઉન્સ (NPPA) આપવા મંજૂર કરેલ છે, તે ધારા-ધોરણ અને શરતો મુજબ ગુજરાત રાજયની ચારેય આણંદ, નવસારી, જૂનાગઢ, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીઓ તથા કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના શિક્ષકો/વૈજ્ઞાનિકો/ ડૉક્ટરો અને અન્ય અધિકારીઓ B.V.Sc. & A.H. ની માન્ય ડીગ્રી ધરાવતા હોય તેઓને NPPA તા:-૧૫.૦૯.૨૦૧૭ ની અસરથી મંજૂર કરવામાં આવે છે.

(૩) નાણા વિભાગના તા.૩/૧૦/૨૦૧૨ના ઠરાવ મુજબ બેઝીક પે ના ૨૫% પ્રમાણે NPPA ઠરાવવામાં આવતા બેઝીક પે + NPPA મળીને કુલ પગાર રૂ.૮૫,000/- થી વધે નહી તે રીતે મંજુર કરવાનુ રહેશે. " બેઝીક પે " નો અર્થ પે બેન્ડ વત્તા લાગુ પડતા ગ્રેડ પે કરવાનો રહેશે પરંતુ તેમાં બીજા કોઈ ઇજાફા જેવા કે સ્પેશીયલ પે વગેરે ગણતરીમાં લેવાના રહેશે નહી.

(૪) ઈન્ડીયન વેટરનરી કાઉન્સિલ એકટ,૧૯૮૪ ગુજરાત વેટરનરી પ્રેકટીસ એકટ, ૧૯૭૯ અન્વયે નિયત કરેલ આવશ્યક લાયકાત અને વેટેરનરી કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન ધરાવતા (ઓછામાં ઓછા વેટરનરી સાયન્સ ગ્રેજ્યુએટની ડીગ્રી ધરાવતા) હોવા જોઈએ.

(૫) ખાનગી વ્યવસાય બંધી ભથ્થુ મેળવવાપાત્ર થતા દરેક અધિકારી ખાનગી વ્યવસાયબંધી ભથ્થા માટે ક્લેઈમ રજુ કરે ત્યારે ખાનગી વ્યવસાયબંધી ભથ્થુ ચુકવતા પહેલા કોઈપણ જાતની ખાનગી પ્રેક્ટીસ કરી નથી અને તે બદલે કોઈપણ જાતની ફી કે ખાનગી પ્રેક્ટીસ અંગેના નાણાં મેળવ્યા નથી તે જાતનું પ્રમાણપત્ર તેમનાથી ઉચ્ચ કક્ષાના અધિકારીશ્રીને આપવાનું રહેશે.જો કોઇ અધિકારી કોઈપણ જાતની ફી અન્ય પાસેથી વસુલ કરતા કે ખાનગી પ્રેકટીસ કરતા ધ્યાને આવે અથવા સાબિત થાય તો ગુજરાત સિવિલ સર્વિસીસ(શિસ્ત અને અપીલ)નિયમો,૧૯૭૧ હેઠળ શિસ્તની કાર્યવાહી કર્યા વગર પણ સબંધિત અધિકારી પાસેથી તા:-૧૫.૦૯.૨૦૧૭ થી તે દિવસ સુધીના ચુકવેલ NPPA ની વસુલાત કરવાની રહેશે.આ બાબતે સબંધિત અધિકારીએ લેખિતમાં બાયેંધરી આપવાની રહેશે.

(૬) NPPA ને મોઘવારી ભથ્થુ , મુસાફરી ભથ્થુ અને અન્ય ભથ્થા તેમજ પેન્શનની ગણતરી માટે પગાર તરીકે ગણવાનું રહેશે.

(૭) વર્ષ ૨૦૦૧ અને ૨૦૦૨ દરમ્યાન ચુકવેલ NPPA સંદર્ભે રીકવરી કરવાની રહેશે નહિ.

(૮) ગુજરાત રાજયની ચારેય આણંદ, નવસારી, જૂનાગઢ, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીઓ તથા કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરના શિક્ષકો/વૈજ્ઞાનિકો/ડૉક્ટરો અને અન્ય અધિકારીઓ જેઓ ઈન્ડીયન વેટરનરી કાઉન્સિલ એકટ ૧૯૮૪/ ગુજરાત વેટરનરી પ્રેકટીસ એકટ,૧૯૭૯ અન્વયે B.V.Sc. & A.H.ની માન્ય ડીગ્રી ધરાવતા હોય અને વેટેરનરી

કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન ધરાવતા હોય તેવા વર્ગ-૧ અને વર્ગ-૨ ના કાયમી અધિકારીઓજ NPPA મેળવવા પાત્ર બને છે.

(૯) NPPA ચુકવવા બાબતે જરૂરી લાયકાત બાબતેની ચકાસણી તેમજ NPPA વિષયક કોઈ પણ પાત્રતા / અપાત્રતા કે કાર્યવાહી કરવાની જવાબદારી જે તે સબંધિત યુનિવર્સિટીની રહેશે.

(૧૦) **સદર ઠરાવનો અમલ તા.૧૫.૯.૨૦૧૭ની અસરથી કરવાનો રહેશે.**

નાણા વિભાગના તા.૧૬/૦૮/૨૦૧૬ના ઠરાવની જોગવાઇ અનુસાર છઠ્ઠા પગાર પંચ મુજબના પગાર પર અને દરથી મળવાપાત્ર થશે.

પ્રસ્તુત ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨૬.૦૪.૨૦૧૮ ની તેમજ નાણાં વિભાગ ની તા.૧૬/૦૫/૨૦૧૮ ની નોધથી મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(એલ કે જોગલ)**
ઉપ સચિવ(કૃષિ યુનિ.)
કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

નકલ રવાના:

- કુલપતિશ્રી, કૃષિ યુનિવર્સિટી, આણંદ/ નવસારી/જુનાગઢ/દાંતિવાડા .
- કુલપતિશ્રી, કામધેનું યુનિવર્સિટી, કર્મયોગી ભવન, ગાંધીનગર .
- કુલસચિવશ્રી, કૃષિ યુનિવર્સિટી, આણંદનગર.કૃ.સ/નવસારી/જુનાગઢ/.
- કુલસચિવશ્રી, કામધેનું યુનિવર્સિટી, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રી(પ.પા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(કૃષિ)ના અંગત સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પ.પા.)ના અંગત સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી(કૃષિ યુનિ.)ના અંગત સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સહ પ્રાધ્યાપકશ્રી, રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદ, કૃષિભવન, ગાંધીનગર.
- ખેતી નિયામકશ્રી, કૃષિભવન, સેકટર-૧૦, ગાંધીનગર.
- પશુપાલન નિયામકશ્રી, કૃષિભવન, સેકટર-૧૦, ગાંધીનગર.
- સીલેકટ ફાઇલ / ક.૨ શાખા.